# રાષ્ટ્રીય પાઠ્યચર્યાની રૂપરેખા
# ૨૦૦૫

(મુદ્રા)

એન. સી. ઇ. આર. ટી.

**રાષ્ટ્રીય શૈક્ષિક અનુસંધાન અને પ્રશિક્ષણ પરિષદ**

National Council of Educational Research and Training

આઇ. એસ. બી. એન.: ૮૧-૭૪૫૦-૪૬૭-૨

ડિસેમ્બર - ૨૦૦૫
આગ્રણયના: ૧૯૨૭
પી.ડી.-૫ ટી.- એસ.યુ.

રાષ્ટ્રીય શૈક્ષિક અનુસંધાન અને પ્રશિક્ષણ પરિષદ, ૨૦૦૫

**સર્વ અધિકાર સુરક્ષિત**

૧. પ્રકાશકની પૂર્વસમંતિ સિવાય, આ પ્રકાશનનો કોઈપણ ભાગ કોઈપણ સ્વરૂપમાં પ્રકાશિત નહીં કરી શકાય; કોઈપણ સ્વરૂપમાં તેનો સંગ્રહ કે તેને ઈલેક્ટ્રોનિક, યાંત્રિક, ફોટો કોપિંગ, ધ્વનિમુદ્રણ (અથવા બીજા કોઈપણ સ્વરૂપ) દ્વારા કોઈપણ રીતે પ્રકાશિત કરી શકાશે નહીં.

૨. આ પુસ્તકનાં વેંચાણને નિયમ લાગુ પડે છે કે પ્રકાશકની પૂર્વસમંતિ સિવાય વેચવાની, ભાડે આપવાની, ઉછીનું આપવાની, ફરીથી વેંચવાની, કે કોઈપણ રીતે તેનો નિકાલ કરવાની - જેવી કોઈપણ પ્રક્રિયા કરી શકાશે નહીં.

3. આ પ્રકાશનની સાચી કિંમત આ પૃષ્ઠ ઉપર આપેલી છે તે સિવાય, કોઈપણ પ્રકારનાં રબર-સ્ટેમ્પ કે સ્ટીકર અથવા બીજા કોઈ માર્ગે કોઈ જુદી કિંમત તેને વેંચી શકાશે નહીં, તે અસ્વીકાર્ય રહેશે.

**રાષ્ટ્રીય શૈક્ષિક અનુસંધાન અને પ્રશિક્ષણ પરીષદ્ - કાર્યાલય (NCERT)**

| | | | | |
|---|---|---|---|---|
| NCERT ક્ષેત્ર<br>શ્રી અરવિંદ માર્ગ,<br>ન્યુ દિલ્હી: ૧૧૦૦૧૬ | ૧૦૮, ૧૧૦ ફીટ રોડ<br>હોસ્ડેકર હોઈલી વિસ્તારિત<br>બનાશંકારી 3જો સ્ટેજ<br>બેંગલોર: ૫૬૦૦૮૫ | નવજીવન ટ્રસ્ટ બિલ્ડીંગ<br>પો. ઓ. નવજીવન<br>અમદાવાદ: ૩૮૦ ૦૧૪ | સી ડબલ્યુ સી કેમ્પસ,<br>ધનકલ બસ સ્ટોપની સામે<br>પાનીહાટી<br>કલકત્તા: ૭૦૦૧૧૪ | સી વી સી કોમ્પ્લેક્સ,<br>માલીગાંવ<br>ગુવાહાટી: ૭૮૧૦૨૧ |

**પ્રકાશક જૂથ**

પ્રકાશન, વિભાગનાં મુખ્ય અધિકારી: પી. રાજકુમાર
પ્રધાન નિર્માણ અધિકારી: શિવકુમાર
પ્રધાન સંપાદક: શ્વેતા ઉત્પલ
મદદનીશ પ્રધાન સંપાદક: વિનોદ દેવીકર

મુખપૃષ્ઠ અને સમગ્ર આયોજન
શ્વેતા રાવ

રાષ્ટ્રીય શૈક્ષિક અનુસંધાન અને પ્રશિક્ષણ પરિષદ, NCERT, શ્રી અરવિંદ માર્ગ, નવી દિલ્હી ૧૧૦૦૧૬ નાં પ્રકાશન વિભાગમાં NCERTનાં સચિવ દ્વારા પ્રકાશિત,
ટાઇપસેટ અને છપાઈ: ગોપસન્સ પેપર્સ લિમિટેડ: એ - ૨૮, સેક્ટર - ૯, નોઇડા, ૨૦૧૩૦૧, ઉ. પ્ર.

# પ્રસ્તાવના

આપણાં બાળકોને શું શીખવવું, કેવી રીતે શીખવવું તે પ્રશ્ન ઉપર જાહેરજનતાનું લક્ષ દોરવા માટે એન.સી.ઇ.આર.ટી.એ જે ઝૂંબેશ ઉપાડી છે, તેનું મનન કરવા માટે જે પ્રયત્ન કર્યો છે, તેમાં ભાગ લેવાનું ભાગ્ય મને મળ્યું છે, તે માટે મારી જાતને હું ભાગ્યશાળી સમજું છું. વિશાળ સ્તરે વિચારો અને આકાંક્ષાઓનું મનન કરવા માટે, રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું તૈયાર કરીને તેને આ સ્વરૂપમાં રજૂ કરવા માટે મેં અનેક વ્યક્તિઓ સાથે નિકટતાપૂર્વક કામ કર્યું છે. આ ગણમાન્ય વ્યક્તિઓના નામ આ અહેવાલમાં અન્યત્ર આપ્યાં છે.

આનું ઘણું વિશ્લેષણ થયું છે અને તેને માટે અમને ઘણી સલાહ - સૂચનાઓ મળી છે. એક જ વસ્તુની વારંવાર યાદ તાજી કરાવવામાં આવી છે, અને જેના દ્વારા સમજાયું છે કે - બાળકોનાં જ્ઞાનની વૃધ્ધિમાટે, તેમને સક્ષમ બનાવવા માટે સામાજિક, આર્થિક અને કોમને લગતી પાર્શ્વભૂમિ એ અગત્યનું અંગ છે. પ્રચાર સાધનો અને શૈક્ષણિક તંત્રજ્ઞાનનું વિશિષ્ટ મહત્ત્વ છે છતાં કેન્દ્રસ્થાને તો શિક્ષક જ રહે છે. વિવિધતા પર ભાર મૂકવામાં આવે છે પણ તેને સમસ્યા ગણવામાં આવતી નથી. સમાજને ધ્યાનમાં રાખીને અપાતું શિક્ષણ એ એક સંપત્તિ બની જાય છે, સામાજિક વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને બનાવેલો અભ્યાસક્રમ સમૃધ્ધ બને છે એવું હવે સમજાવા લાગ્યું છે. વિવિધતા હવે એક સંપત્તિ થઈ રહી છે અને એવું હવે સમજાવા લાગ્યું છે કે વિશાળ ફલક ઉપર વિવિધતાલક્ષી પહોંચ સર્જનાત્મકતાને વધુ વિકસાવશે.

બાળકો ઉપર લદાતા અભ્યાસક્રમના બોજાની સમસ્યાની આસપાસ આ અહેવાલમાં અવારનવાર વિચારણા થઇ છે. આ બાબતમાં આપણે અત્યાર સુધી પછાત રહી ગયા છીએ તેવું લાગે છે. સાચી સમજણને બદલે આપણે ગોખણપટ્ટી અને ટૂંકા ગાળામાં મેળવાતી માહિતીને વધુ પ્રાધાન્ય આપ્યું છે. આજે જ્યારે યાદ રાખવા જેવા જ્ઞાન - માહિતીનો જગતમાં વિસ્ફોટ થઇ રહ્યો છે ત્યારે આ પ્રક્રિયા હવે ઊલટાવવાની જરૂર છે. આપણા બાળકોને સાચી સમજણ આપવાની જરૂર છે કે જેથી તેઓ પોતાની રીતે જ્ઞાન વિશેની સમજણ વિકસાવી શકે અને જીવનમાં અનેક વસ્તુઓનો, ક્ષેત્રોનો અને વ્યવહારોનો સામનો કરતી વખતે પોતાના જ્ઞાનનું રૂપાંતર તથા ઉપયોગ પોતાની રીતે કરી શકે. આવી સમજણ બાળકોનાં વર્તમાનને ફાયદાકારક, સર્જનાત્મક અને આનંદદાયક બનાવશે; અને આપણે જેને પરીક્ષા કહીએ છીએ તે માટે ટૂંકા ગાળા દરમ્યાન માહિતીને યાદ રાખવાના અસહ્ય બોજા નીચે તેઓ કચડાઈ નહીં જાય. આ જાતે વહોરી લીધેલી મુશ્કેલીથી દૂર થવાના કેટલાક ઉપાયો આ અહેવાલમાં સૂચવવામાં આવ્યા છે. આ ક્ષેત્રમાં જો આપણને થોડીક પણ સફળતા મળે તો એ સમજાશે કે આપણે

'બાળકોમાં જ્ઞાનપ્રાપ્ત કરવાની શક્તિની કદર કરવાનું' અને 'ગોખણપટ્ટીથી મેળવેલી માહિતી, કે જે કાગળ ઉપર અથવા સંગણક ઉપર જ રહેતી હોય છે તે નિરર્થક છે' આ વાતો શીખી શક્યા છીએ.

શિક્ષણ કોઇ ભૌતિક વસ્તુ નથી જેનું વિતરણ ટપાલ અથવા શિક્ષક દ્વારા કરી શકાય. બાળકને તેનાં ભૌતિક અને સાંસ્કૃતિક સમુદાય સાથે જોડાયેલ રાખીને જ તેને ઉપયોગી અને તગડું શિક્ષણ આપી શકાય છે. માતા-પિતા, શિક્ષકો, સહપાઠીઓ અને સમુદાયો સાથે પારસ્પરિક સંવાદ આપ-લે કરવાથી જ તેમનાંમાં જ્ઞાનનું સફળતાપૂર્વક સિંચન થાય છે. આ દાયિત્ત્વના સંદર્ભમાં શિક્ષકોની ભૂમિકા અને પ્રતિષ્ઠાને મહત્ત્વ આપવાની અને સુદૃઢ કરવાની જરૂર છે. જ્ઞાનનાં સાચાં  સૃજનમાં પારસ્પારિકતા છે. જો બાળકને નિષ્ક્રિય રાખવામાં ન આવે તો તે આદાન-પ્રદાનમાંથી શિક્ષક પણ શીખે છે. મોટાંઓ કરતાં બાળકોનાં અવલોકન અને અનુભૂતિમાં વધારે ગંભીરતા હોય છે તેથી જ્ઞાનના સર્જકનાં રૂપમાં તેમની સંભાવનાઓની કદર થવી જોઇએ. મારા પોતાના અનુભવ ઉપરથી હું વિશ્વાસથી કહી શકું છું કે જે પણ કાંઇ મારી થોડી સમજ છે તેનો મોટો ભાગ બાળકોની સાથેના મારા સંવાદનું પરિણામ છે. આ દસ્તાવેજ આ પાસાંની પૂરતી જરૂરી તપાસ કરે છે.

આ પ્રક્રિયામાં જોડાયેલ બધા લોકોમાં જે જ્યાતનો સંચાર થયો તે જો ન થયો હોત તો આ અહેવાલ આટલો પૂર્ણ અને વ્યાપક રીતે સંભવિત ન થાત. મને ખબર નથી કોણે આ જ્યોત જગાડી - કદાચ કોઇ એક ખાસ વ્યક્તિએ નહિ. કદાચ બધાની વ્યાકુળતા હદથી એટલી વધી ગઇ હતી કે તે વખતે પૂર્ણ મહેનતથી પ્રયાસ થવા લાગ્યો. આમાં જોડાયેલ ઘણાખરા લોકોને લાગતું હતું કે હવે હદ થઇ ગઇ છે. ઘણાંખરા સહયોગીઓનો ઉત્સાહ સંક્રાત્મક હતો.

દાયકાઓ પહેલાં આપણે જે ઇચ્છ્યું હતું તે પ્રમાણે થયું નહિ એનો દોષ બીજાઓ ઉપર ઢોળવાની લાલચ તો હોય જ છે. પણ અમે દોષારોપણની આ રમતથી બચવાની કોશિષ કરી છે - કદાચ એ કારણે પણ કે કોઇ અને કોઇ રીતે આપણે બધા જ આના માટે જવાબદાર છીએ. આપણામાંથી ઘણાખરા લોકો આના માટે જવાબદાર છે કારણ કે આપણે એ મધ્યમવર્ગના સદસ્ય છીએ કે જે આ દેશની જનતા સાથે ભાવાત્મક રૂપથી પોતાને અલગ કરતો ગયો છે. આ દસ્તાવેજમાં વિવિધતા, સમતા અને ન્યાય જેવા શબ્દોનો વારંવાર થતા ઉપયોગથી હું અસામાન્ય લાગણી અનુભવી રહ્યો હતો. હું નથી માનતો કે આ કોઇ રાજનૈતિક શબ્દાડંબરનો ભાગ છે કેમ કે અમે અમારાં સુદીર્ઘ વિચાર-વિમર્શમાં રાજનીતિ ઉપર ખૂબ ઓછી વાત કરી છે. મને લાગે છે કે અમે એવા વિશ્વાસથી કામ કરી રહ્યા હતા કે વંચિત રહી ગયેલી આપણી ત્રણ ચતુર્થાંશ જનતામાં જ

આપણી તાકાત છે. સામાજીક રૂપે મેળવેલી તેમની આ ક્ષમતાઓ અને હુન્નરનો આપણા શૈક્ષણિક સંસ્થાનોના લક્ષ્યો સાથે મેળ કરવાથી જ ઉત્કૃષ્ટ ફળ મેળવી શકાશે.

આ દસ્તાવેજ આ દિશામાં આગળ વધવાના ઉપાય સુઝાડે છે. અહીં સુઝાવવામાં આવેલા અમુક વ્યવસ્થાગત ફેરફારથી આમાં જરૂર મદદ મળશે. આપણે એક સર્વસામાન્ય શિક્ષણ પધ્ધતિ, કાર્ય અને શિક્ષણને શરૂ કરી દઈએ; અને બાળકોને તેમની જ માતૃભાષામાં અને તેમનાં જ વાતાવરણમાં શિક્ષણ આપીને બાળકોને આપણે વ્યવહારિક શિક્ષણ જગતમાં સરળતાથી લઈ જઈ શકીએ.

અમે જવાબદારીથી આતંકિત નથી. અમને લાગે છે કે આ બધું કરી શકાય છે. હું આશા રાખું છું કે આ કોશિષ આપણાં બાળકોનાં શિક્ષણ માટે આઝાદીની એક લડાઇ તરીકે શરૂ કરી શકાશે. આપણે પોતે પોતાને જેને હવાલે કર્યા છે એવી તાનાશાહીઓથી દૂર લઇ જવાની લડાઇ.

યશપાલ

# ઋણ સ્વીકાર

રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા - ૨૦૦૫, તેના વર્તમાન આકાર, તેનું સ્વરૂપ ઘડવામાં જુદાજુદા વિષયોના પ્રખર તજ્ઞો, વિદ્વાનો, પ્રાચાર્યો, વાલીઓ તથા વિવિધ સ્તરની બિન સરકારી સંસ્થાઓ, રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાનાં પ્રતિનિધિઓનો ઊંડો સહકાર અને અમૂલ્ય સૂચનોનો મોટો ફાળો છે. તેના આ સ્વરૂપનું ઘડતર ખૂબ વૈચારિક પરિશ્રમને આધારે જ થયું છે. તદુપરાંત આ સંરચનાને વિવિધ રાજ્યોનાં શૈક્ષણિક સચીવો અને (SCERT) એસ.સી.ઈ.આર.ટી.નાં માર્ગદર્શક અધિકારીઓનું બહુમૂલ્ય વિશિષ્ટ પ્રદાન પ્રાપ્ત થયું છે. ઉપરાંત, RIE દ્વારા યોજાયેલી પ્રાદેશિક સ્તરની વિચારગોષ્ટીમાં ભાગ લેનાર શિક્ષણવિદોનું માર્ગદર્શન પણ મળ્યું છે. ખાનગી શાળાઓના અને કેન્દ્રિય વિદ્યાલયોનાં આચાર્યો અને ગ્રામિણ શાળાઓના શિક્ષકોના અનુભવોને લીધે અમને આ રૂપરેખા તૈયાર કરવામાં જ નહીં પણ તેને વધુ સારી રીતે સમજાવવામાં ખૂબ મદદ મળી છે. આ સંરચનાના વિવિધ વૈચારિક પરિબળોનું આલેખન કરવામાં હજારો લોકો - જેવા કે વિદ્યાર્થીઓ, વાલીઓ જાહેરજનતા વગેરે એ નિયમિત પત્રવ્યવહાર દ્વારા અને ઈલેક્ટોનિક માધ્યમ દ્વારા અમને અમૂલ્ય સહાય કરી છે.

આ દસ્તાવેજને સંગીન રૂપરેખા આપવામાં એન.સી.ઈ.આર.ટી.નાં સભાસદો દ્વારા કરાયેલાં રચનાત્મક સૂચનો અને સૂઝબૂઝ ભર્યાં મંતવ્યોનો અમૂલ્ય ફાળો છે. આમાં એન.સી.ઈ.આર.ટી.ની પોતાની ઉચ્ચ સ્તરીય સમિતિઓ જેવી કે - કાર્યકારી સમિતિ, સામાન્ય સમિતિ અને કેન્દ્રીય સલાહકાર સમિતિનો સમાવેશ થાય છે. ૨૦૦૫ના જૂલાઈ-ઑગસ્ટમાં વિવિધ રાજ્યસરકારોને ખાસ આ હેતુ માટે જ - NCF માળખાંને મૂર્તરૂપ આપવા કાર્યશાળાઓનું આયોજન કરવા માટે આદેશ અપાયો હતો. અનેક રાજ્યો તથા 'અઝીઝ પ્રેમજી સંસ્થા' કે જેણે મધ્યપ્રદેશ, રાજસ્થાન જેવા રાજ્યોની સરકારો સાથે મળીને કાર્યશાળાઓનું આયોજન કર્યું, અને તેના અહેવાલો મોકલ્યા તે માટે તેમના સર્વેનાં ખૂબ આભારી છીએ. આ જાતની ચર્ચાઓ, કાર્યશાળાઓ વગેરેનું આયોજન 'કેરાલા શાસ્ત્ર સાહિત્ય પરિષદ (ત્રિચૂર)' અને 'અખિલ ભારતીય વૈજ્ઞાનિક નેટવર્ક (ત્રિપૂર)', 'ભારત જ્ઞાન-વિજ્ઞાન સમિતિ - નવી દિલ્હી', SIEMAT (પટણા), ધ કન્સર્ન્ડ ફોર વર્કીંગ ચિલ્ડ્રન - વ્યવસાય કરતાં બાળકોનાં હિત માટે કાર્ય કરતી સંસ્થા (બેંગલોર), ટ્રસ્ટ ફોર એજ્યુકેશનલ ઇન્ટીગ્રેટેડ ડેવલપમૅન્ટ (રાંચી), કોશિષ ચેરીટેબલ ટ્રસ્ટ (પટણા) અને દિગંતર (જયપૂર) જેવી સંસ્થાઓએ કર્યું હતું. આ સર્વ સંસ્થાઓએ આપેલા અહેવાલો પણ આ સંરચનાને મૂર્ત રૂપ આપવામાં ખૂબ સહાયભૂત બન્યા છે. અમે આ સર્વેનાં ખૂબ ખૂબ આભારી છીએ. ભારતીય શાલેય પ્રમાણપત્ર પરીક્ષા પરિષદ (નવી દિલ્હી), માધ્યમિક શિક્ષણમાટેનાં કેન્દ્રીય સંસ્થાન (નવી દિલ્હી), વિવિધ રાજ્યોની

માધ્યમિક શિક્ષણ સંસ્થાઓ, શાલેય પ્રશિક્ષણ સમિતિની સંસ્થા નવી દિલ્હી, ભારત (COBSE), આ સર્વ સંસ્થાઓએ સક્રિયપણે આ સંરચનાનાં સર્જનમાં અમને વૈચારિક પીઠબળ પૂરું પાડ્યું છે. આ ઉપરાંત, એકૅડેમિક સ્ટાફ કૉલેજ ઑફ ઇંડિયા - હૈદ્રાબાદ, હોમી ભાભા સેન્ટર ફોર સાયન્સ એજ્યુકેશન - મુંબઈ, જાદવપૂર યુનિવર્સિટિ - કલકત્તા, અલીયાવર જંગ નેશનલ ઇન્સ્ટીટ્યૂટ ઑફ હીયરીંગ હેન્ડીકેપ્ડ - મુંબઈ, નેશનલ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મેન્ટલ હેલ્થ - સિકંદરાબાદ, એમ. વી ફાઉન્ડેશન - સિકંદરાબાદ, સેવાગ્રામ - વર્ધા, નેશનલ ઇન્સ્ટીટ્યૂટ ઑફ પબ્લીક કો-ઓપરેશન એન્ડ ચાઇલ્ડ ડેવલપમેન્ટ - ગુવાહાટી, સ્ટેટ કાઉન્સીલ ઑફ એજ્યુકેશનલ રીસર્ચ એન્ડ ટ્રેનિંગ - તિરુવન્તપૂરમ, સેન્ટ્રલ ઇન્સ્ટીટ્યૂટ ઑફ ઇન્ડીયન લેંગ્વેજીસ - મૈસુર, નેશનલ ઇન્સ્ટીટ્યૂટ ઑફ ડીઝાઇન - અમદાવાદ, એસ. એમ. વાય. એમ. સમિતિ - લોનાવલા પૂના, નોર્થ ઈસ્ટર્ન હીલ યુનિવર્સિટિ - શીલોંગ, DSERT - બેંગ્લોર, IUCAA - પુને, સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટલ એજ્યુકેશન - અમદાવાદ અને વિજય ટીચર્સ કોલેજ - બેંગ્લોર જેવી અનેક સંસ્થાઓએ વિચારગોષ્ટિઓનું યજમાનપદ શોભાવ્યું તે માટે અમે તેમના ઋણી છીએ.

NCF (૨૦૦૫) બંધારણની આઠમા પ્રકરણમાં સમાવિત થયેલી ભાષાઓમાં અનુવાદિત કરવામાં આવેલ છે, તે માટે અમે નીચેની વ્યક્તિઓનો હાર્દિક આભાર માનીએ છીએઃ ડૉ. ડી બર્કતાકી (આસામી), શ્રી દેબાશીષ સેનગુપ્તા (બંગાળી), ડૉ. અનિલ બોડો (બોડો), પ્રો. વીણા ગુપ્તા (ડોગરી), શ્રી કશ્યપ મંકોડી (ગુજરાતી), કુ. પ્રગતિ સકસેના અને શ્રી પ્રભાત રંજન (હિંદી), શ્રી એસ. એસ. યદુરાજન (કન્નડ), ડૉ. સોમનાથ રૈના (કાશ્મીરી), શ્રી દામોદર ઘાણેકર (કોંકણી), ડૉ. નીતા ઝા (મૈથિલી), શ્રી કે. કે કૃષ્ણકુમાર (મલયાલમ), શ્રી ટી. સુરજીતસિંઘ થોકચોમ (મણિપૂરી), ડૉ. દત્ત દેસાઇ (મરાઠી), ડૉ. ખગેન શર્મા (નેપાલી), ડૉ. મદનમોહન પ્રધાન (ઓરીયા), શ્રી રણજિતસિંહ રંગીલા (પંજાબી), શ્રી દત્ત ભૂષણ પોલકન (સંસ્કૃત), શ્રી સુબોધ હાંસડા (સંથાલી), ડૉ. કે. પી. લેખવાની (સિંધી), શ્રી વાલીનયગમ્ (તામીલ), શ્રી વી. બાલાસુબ્રમણ્યમ (તેલુગુ) અને ડૉ. નાઝીર હુસેન (ઉર્દુ). તે ઉપરાંત, શ્રી રાઘવેન્દ્ર, કુ. રીતુ, ડૉ. અપૂર્વાનંદ અને કુ. લતિકા ગુપ્તા, ડૉ. માધવી કુમાર, ડૉ. મંજુલા માથુર અને કુ. ઇન્દુકુમાર કે જેમણે હિંદી આવૃતિનું સંપાદન કર્યું છે, તેમનાં પણ ખૂબ આભારી છીએ. તે ઉપરાંત શ્રી હર્ષ શેઠી અને કુ. માલિની સૂદ કે જેમણે અત્યંત કાળજીપૂર્વક આ હસ્તપ્રતની છણાવટ કરી છે; અને શ્રી નાસીરૂદ્દીનખાન અને ડૉ. સંધ્યા સાહૂ જેમણે હસ્તપ્રતનો કેટલોક ભાગ તપાસીને બહુમૂલ્ય સૂચનો કર્યા છે તેમના પણ અત્યંત આભારી છીએ. આ અહેવાલની સમગ્ર આકૃતિ તથા આલેખના માટે કુ. શ્વેતા રાવનાં, મુખપૃષ્ઠ ઉપર અને પાના નં.૧૨૬ પરનાં ચિત્રાંકન માટે ડૉ. રોબીન બેનર્જીનાં તથા અન્ય છબીઓ માટે CIET નાં શ્રી આર. સી. દાસ નાં આભારી છીએ. તે ઉપરાંત આ અહેવાલનો

NCERT ની વેબસાઇટ દ્વારા તેના વર્તમાન સ્વરૂપમાં પ્રકાશિત કરવા અને પ્રચાર-પ્રસાર કરવા માટે DCETAનાં અમારા કેટલાંક સહકાર્યકારીઓ - આ સર્વેનાં અમે અત્યંત ઋણી છીએ. શ્રી. આર. કે. લક્ષ્મણ કે જેમણે પોતાના બે કાર્ટૂનો - ઠઠ્ઠાચિત્રો (પાના નં. ૧૮, ૧૨૫) ઉપર છાપવાની અનુમતિ આપી તેમના પણ અમે ખૂબ ખૂબ આભારી છીએ.

ઉપર આપેલી આ યાદી સંપૂર્ણ નથી, અને આ દસ્તાવેજનાં સર્જનકાર્યમાં જેણે જેણે અમને મદદ કરી છે અને જેમનાં નામ કદાચ અહીં સમાવિત ન થયા હોય તે સર્વનાં અમે હૃદયપૂર્વક અત્યંત આભારી છીએ.

# <u>સાર સંક્ષેપ</u>

રાષ્ટ્રીય શૈક્ષિક અનુસંધાન અને પ્રશિક્ષણ પરિષદની કાર્યકારિણીએ ૧૪ અને ૧૯ જુલાઇ ૨૦૦૪ની બેઠકમાં નિર્ણય લીધો કે રાષ્ટ્રીય પાઠ્યચર્યાને પરિવર્ધિત કરવામાં આવે. આ નિર્ણય માનનીય માનવ સંસાધન વિકાસ મંત્રી દ્વારા લોકસભામાં આપવામાં આવેલ તે વક્તવ્ય'નાં અનુસંધાનમાં લેવામાં આવ્યો કે પરિષદ આ પરિવર્તન કરશે. તેના અનુસંધાનમાં માનવ સંસાધન વિકાસ મંત્રાલયના શિક્ષણ સચિવે પરિષદના નિર્દેશકને 'બોજા વગરનું શિક્ષણ - ૧૯૯૩'નાં અહેવાલમાં કરાયેલ ભલામણોને આધારે 'એન.સી.એફ.એસ.ઇ. - ૨૦૦૦' ની સમીક્ષા કરવાની જરૂર જણાવતો પત્ર લખ્યો. આ નિર્ણયોનાં સંદર્ભમાં પ્રૉફેસર યશપાલનાં પ્રમુખપદે રાષ્ટ્રીય માર્ગદર્શન સમિતિની એક બેઠક યોજાઈ, જેમાં વિવિધ રાજ્યોનાં ૨૧ ક્ષેત્રિય જૂથોની રચના કરવામાં આવી. આ સર્વ સમિતિઓમાં ઉચ્ચ અભ્યાસ માટેની સંસ્થાનાં સદસ્યો, NCERT નાં પોતાનાં સદસ્યો, શાળાનાં શિક્ષકો અને બિન-સરકારી સંગઠનો વગેરે સર્વને સભ્યપદ આપવામાં આવ્યું. પરિષદનાં ક્ષેત્રીય શિક્ષણ સંસ્થાનો - મૈસુર, અજમેર, ભૂવનેશ્વર, ભોપાલ અને શિલોંગ ઉપરાંત દેશના અન્ય વિવિધ ભાગોમાં પણ આ સંબંધિત વિચાર-વિમર્શ અને ક્ષેત્રીય સંગોષ્ઠિઓ આયોજીત કરવામાં આવી. રાજ્યોના સચિવો, ક્ષેત્રિય શૈક્ષિક અનુસંધાન અને પ્રશિક્ષણ પરિષદ (SCERT) અને પરીક્ષા વિભાગ સાથે પણ વિચાર-વિમર્શ કરવામાં આવ્યો. ગ્રામીણ શિક્ષકોનાં સલાહસૂચનો લેવા માટે એક રાષ્ટ્રીય સંમેલનનું આયોજન કરવામાં આવ્યું. રાષ્ટ્રીય અને ક્ષેત્રીય સમાચાર પત્રોમાં જાહેરખબર આપવામાં આવી અને જાહેર જનતાનો મત માંગવામાં આવ્યો, અને મોટી સંખ્યામાં લોકોએ પોતાના મત મોકલ્યા પણ ખરા.

રાષ્ટ્રીય પાઠ્યચર્યા દસ્તાવેજની સુધારિત આવૃતિનો આરંભ રવિન્દ્રનાથ ઠાકુરનાં નિબંધ "સભ્યતા અને પ્રગતિ" ના એક અવતરણથી થાય છે; જેમાં કવિ આપણને યાદ અપાવે છે કે સર્જનાત્મકતા અને વિપુલ પ્રમાણમાં આનંદ એ બાળપણની મહત્ત્વની પુંજી છે, અને જેને નાસમજ પુખ્ત સમાજ વિકૃત કરી નાંખી શક છે. આરંભિક અધ્યાયમાં સ્વતંત્રતા પછી કરવામાં આવેલ પાઠ્યચર્યામાં સુધારના પ્રયાસોની ચર્ચા કરવામાં આવી છે. રાષ્ટ્રીય શૈક્ષણિક નીતિ (NPE) ૧૯૮૬માં એ પ્રસ્તાવ કરવામાં આવ્યો હતો કે રાષ્ટ્રીય પાઠ્યચર્યા એ રાષ્ટ્રીય શિક્ષણ પ્રણાલીની રચના માટેનું એક સશક્ત સાધન છે, જે ભારતીય સંવિધાનમાં રાષ્ટ્રીય નિર્માણની દ્રષ્ટિને પોતાની આધાર ભૂમિ માને છે. પ્રોગ્રામ ઑફ એક્શન ૧૯૯૨એ પ્રાસંગિકતા, લચીલાપણું અને ગુણવત્તાના તત્ત્વો ઉપર જોર આપતાં આના દાયરાને થોડો વધુ વિસ્તાર આપ્યો.

સામાજિક ન્યાય અને સમાનતાના મૂલ્યો ઉપર આધારિત એક ધર્મનિરપેક્ષ, સમતામૂલક અને બહુલતાવાદી સમાજના રૂપમાં ભારતની સંવિધાનિક દ્રષ્ટિથી પ્રેરણા પામેલાં આ દસ્તાવેજમાં શિક્ષણનાં થોડા વ્યાપક ઉદ્દેશ્ય ચિહ્નિત કરવામાં આવ્યા છે. વિચાર અને કર્મની સ્વતંત્રતા, બીજાની ભલાઇ અને ભાવના પ્રતિ સંવેદનશીલતા, નવી સ્થિતિઓનો નરમાશથી અને રચનાત્મક રીતે સામનો કરવાની ક્ષમતા, લોકતાંત્રિક પ્રક્રિયામાં ભાગીદારીની ઉત્સુકતા અને આર્થિક પ્રક્રિયામાં અને સામાજીક બદલાવમાં યોગદાન આપવા માટે સુયોગ્યપણે કામ કરવાની ક્ષમતા જેવા મૂળ ઉદ્દેશ્યો આમાં સમન્વિત છે. જો શિક્ષણ દ્વારા લોકતાંત્રિક વ્યવસ્થા ને સુદૃઢ કરવી હશે તો શિક્ષણજગતે પ્રથમ પેઢીનાં બાળકો - કે જેમને સંવિધાનમાં સુધારો કરીને શિક્ષણનો જે મૂળભૂત હક આપવામાં આવ્યો છે - તેમની ઉપસ્થિતિનું ધ્યાન રાખવું જ પડશે અને તેમને સાચવવા જ પડશે. આ સંવિધાનના સુધારાથી, જ્ઞાતિ ધર્મ જાતિ લિંગ અને શારીરિક અપંગતાનો ભેદભાવ રાખ્યા વગર બધાં જ બાળકોને સ્વાસ્થ્ય, પોષણ અને સમાવેશી શાળાકીય વાતાવરણ ઉપલબ્ધ કરાવવાનો અધિકાર આપવામાં આવ્યો છે. શિક્ષણ એ બાળકો તથા તેમનાં માતાપિતા માટે તણાવનું એક મુખ્ય કારણ બની ગયું છે, આ તથ્યથી પ્રમાણિત થાય છે કે આપણા શૈક્ષિક ઉદ્દેશ્યો અને તેમની ગુણવત્તામાં આજે વિકૃતિ આવી ગઇ છે. આ વિકૃતિને સુધારવા માટે પ્રસ્તુત એન.સી.એફ. દસ્તાવેજે પાઠ્યચર્યા નિર્માણના પાંચ નિર્દેશક સિદ્ધાંતોનો પ્રસ્તાવ મૂક્યો છે : (૧) જ્ઞાનને શાળાની બહારના જીવન સાથે જોડવુ; (૨) સુનિશ્ચિત કરવું કે શિક્ષણ ગોખણપટ્ટી આધારિત પદ્ધતિઓનો ત્યાગ કરે; (૩) પાઠ્યપુસ્તકોથી વધારે આગળ જઇ શકે તે રીતે પાઠ્યક્રમને સમૃદ્ધ કરવો; (૪) પરીક્ષાઓને વધારે લચીલી બનાવવી અને તેમને કક્ષાની ગતિવિધિઓ સાથે જોડવી; અને (૫) દેશની લોકશાહી શાસન પધ્ધતિની અંતર્ગત સમાય તેવી રીતે દરેકને પોતાની લાક્ષણિક ઓળખ બતાવવી અને તે ઓળખને જાળવવી અને પોષવી.

આરંભિક કક્ષાઓ દરમ્યાનના આપણા બધા શૈક્ષણિક પ્રયાસો, પૂર્વપ્રાથમિક શિક્ષણ (ઇ.સી.સી.ઇ.)ની વ્યવસાયિક દક્ષતા સાથેની યોજના અને તેના સાર્થક વિસ્તાર પર ગંભીરતાપૂર્વક નિર્ભર છે. સાચી રીતે તો, આરંભિક શાળા પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તકોમાં કોઇપણ સુધાર પૂર્વપ્રાથમિક શિક્ષણ (ઇ.સી.સી.ઇ)ના બહુપરિચિત સિદ્ધાંતોના પ્રકાશમાં જ કરવો જોઇએ. જ્ઞાનનાં લક્ષણો અને બાળકની જ્ઞાન ગ્રહણ કરવાની રીત બીજા અધ્યાયમાં આપવામાં આવી છે, જે, ત્રીજા અધ્યાયમાં આપવામાં આવેલાં વિભિન્ન ક્ષેત્રો માટેનાં અભ્યાસક્રમ માટેનાં સૂચનોનું સૈદ્ધાંતિક આધાર બને છે. દરેક બાળક પોતાની રીતે જ્ઞાનની રચના કરે છે આ વાતનો નિહિતાર્થ એ છે કે પાઠ્યચર્યા, પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તકો એવાં હોવાં જોઈએ કે જેથી બાળકનાં સ્વભાવ અને પરિવેશની સંગતિમાં કક્ષાના અનુભવોને સંયોજીત કરવામાં શિક્ષક પોતાને સક્ષમ અનુભવે અને આ રીતે દરેક બાળકને જ્ઞાન મેળવવાનો અધિકાર ઉપલબ્ધ કરાવે.

શિક્ષણનો ઉદ્દેશ્ય બાળકની શીખવાની સહજ ઇચ્છા અને યુક્તિઓને વધારે સમૃદ્ધ કરવાનો હોવો જોઇએ. માહિતીથી અલગ કરીને જ્ઞાનને જોવાની જરૂર છે અને શિક્ષણ કાર્યને એક વ્યવસાયિક ગતિવિધિના રૂપમાં ગ્રહણ કરવાની જરૂર છે, નહિ કે માહિતી તથા તથ્યોને યાદ રાખવા માટે ગોખાવવાની રીત. ક્રિયાશીલ ગતિવિધિથી જ પોતાની આસપાસનાં વિશ્વને સમજવાનો બાળક પ્રયત્ન કરે છે. તેથી પ્રત્યેક સાધનનો પ્રયોગ એવી રીતે કરવામાં આવવો જોઇએ કે પોતાની જાતને વ્યક્ત કરવામાં, સાધનોનો ઉપયોગ કરવામાં, પોતાનાં પ્રાકૃતિક અને સામાજિક પરિવેશની શોધખોળ કરવામાં અને સ્વસ્થ રૂપથી વિકસિત થવામાં બાળકોને સક્ષમ કરી શકે. જો બાળકોનાં કક્ષાનાં અનુભવોને આ રીતે સંગઠિત કરવા હોય, જેમાં તેમને જ્ઞાનની રચના કરવાનો અવકાશ મળી શકે, તો આપણી શાળા વ્યવસ્થામાં વ્યાપક સંરચનાત્મક સુધારાઓની (પાંચમો અધ્યાય), શાળાના વિષયો અથવા પાઠ્યચર્યાનાં ક્ષેત્રોની ફરીથી પરિભાષા (ત્રીજો અધ્યાય) અને શાળાની પ્રકૃતિની ગુણવત્તાને સુધારવા માટે સંસાધનો (ચોથો અધ્યાય) વગેરે બાબતોની આવશ્યકતા છે.

શાળાની પાઠ્યચર્યાના ચાર પરિચિત ક્ષેત્રો - ભાષા, ગણિત, વિજ્ઞાન અને સમાજવિજ્ઞાનમાં સાર્થક પરિવર્તનોનો સુઝાવ આપવામાં આવ્યો છે જેનો મૂળ આશય વર્તમાન અને ભવિષ્યની જરૂરિયાતો માટે શિક્ષણને પ્રાસંગિક બનાવવાનો અને બાળકો આજે ઝીલી રહ્યાં છે તે તણાવથી મુક્ત કરી શકવાનો છે. આ રાષ્ટ્રીય પાઠ્યચર્યા દસ્તાવેજ એન.સી.એફ. એ વાતની ભલામણ કરે છે કે વિષયો વચ્ચેની દીવાલો એવી રીતે નાની કરવામાં આવે કે બાળકને જ્ઞાનમાં સમગ્રતા/પૂર્ણતાનો આસ્વાદ મળી શકે અને સમજશક્તિનો આનંદ મળી શકે. તે સાથે, સ્થાનીય જ્ઞાન અને પારંપારિક કૌશલ્યનો સમાવેશ થયો હોય તેવા પાઠ્યપુસ્તકો અને અન્ય સામગ્રીની બહુલતા, અને બાળકોના ઘર અને સામુદાયિક પરિવેશથી જીવંત સંબંધ બનાવનાર શાળાનું ઉત્તેજક વાતાવરણ પણ સુનિશ્ચિત કરી શકાય એ પણ સૂઝવવામાં આવ્યું છે. ત્રિભાષા ફોર્મ્યૂલાને લાગુ કરવાની નવી કોશિશ કરવાનો સુઝાવ ભાષાઓના સંદર્ભમાં આપવામાં આવ્યો છે, જેમાં આદિવાસી ભાષાઓ સહિતની બાળકોની માતૃભાષાઓને શિક્ષણના માધ્યમના રૂપમાં સ્વીકૃતિ આપવા ઉપર જોર છે. અંગ્રેજીની દક્ષતા સહિત ભારતીય સમાજની બહુભાષિક પ્રકૃતિનો ઉપયોગ, બાળકોમાં બહુભાષિક દક્ષતાને વિકસિત કરવાના સ્રોતના રૂપમાં કરવાની ખાસ જરૂર છે. એ ત્યારે જ શક્ય બને કે જ્યારે વિવેકપૂર્ણ ભાષા શિક્ષણ પદ્ધતિના આધાર ઉપર માતૃભાષામાં શિક્ષણને વિકસિત કરવામાં આવે. બાળકોની પ્રગતિમાં વાંચન અને લેખન, બોલવું અને સાંભળવું - આ ક્રિયાઓ પાઠ્યચર્યાના બધાં ક્ષેત્રોમાં ભૂમિકા નિભાવે છે અને તેમને આધારિત અભ્યાસક્રમ હોવો જોઇએ. શાળાકીય શિક્ષણનો પાયો સંગીન બનાવવા, બધી પ્રાથમિક કક્ષાઓ દરમ્યાન વાંચન ઉપર જોર દેવું જરૂરી છે.

બાળકની ચિંતનશક્તિ અને તર્કશક્તિ વધે તે માટેનાં સંસાધન વધારે સમૃદ્ધ થાય, અને જેનાથી અમૂર્ત સંકલ્પનાઓ સમજવામાં, ગાણિતિક પ્રશ્નો કે સમસ્યાઓને સૂત્રબદ્ધ કરી તેમનો ઉકેલ લાવવામાં બાળકોને સહાયતા મળી શકે એવું ગણિતનું શિક્ષણ હોવું જોઈએ. ઉદ્દેશ્યોના આ વ્યાપક ફલકને ત્યારે જ પ્રાપ્ત કરી શકાય જ્યારે બાળકોને તેમના પોતાનાં અનુભવોમાં ગૂંથાયેલ પ્રાસંગિક અને અર્થપૂર્ણ ગણિત શીખવવામાં આવે. 'ગણિતમાં સફળતા' ને પ્રત્યેક બાળકના અધિકારનાં રૂપમાં જોવું જોઈએ. આ માટે ગણિતના દાયરાને વધારે વિસ્તૃત કરવાની અને તેને બીજા વિષયો સાથે જોડવાની જરૂર પડશે. આર્થિક માળખાંના વિકાસ માટેનાં કાર્યમાં પ્રત્યેક શાળાને હાર્ડવેર અને સોફ્ટવેર સંગણક (કોમ્પ્યુટર) દ્વારા જોડવાની વાતનો સમાવેશ થાય છે.

આવી યોજનામાંથી મળતી માહિતી કે સમજણ કે સૂઝને લીધે ભારતીય વાતાવરણમાં માહિતી સભરતા અને પારદર્શકતા આવશે, જે કેળવણી વિષયક સુધારો બની રહેશે. વિદ્યાર્થીઓ દ્વારા કરાતી યોજનાઓ જો વ્યવસ્થિત રીતે પાર પાડવામાં આવે તો તે જ્ઞાનના વિકાસ માટે બહુમૂલ્ય થઇ પડશે. બાલ વિજ્ઞાન કોંગ્રેસની ઢબે એક સામાજીક આંદોલનની કલ્પના કરી શકાય છે. આથી સંપૂર્ણ દેશનાં સ્તરે આવિષ્કારનાં શિક્ષણને પ્રોત્સાહિત કરી શકાશે અને છેવટે જેને સંપૂર્ણ દક્ષિણ એશિયા સુધી વિસ્તૃત કરી શકાય.

સમાજ વિજ્ઞાનના પ્રસંગમાં પ્રસ્તુત પાઠ્યચર્યાના દસ્તાવેજમાં જ્ઞાનના અલગ અલગ ક્ષેત્રોની વિશિષ્ટ ઓળખાણનો સ્વીકાર છે પરંતુ પાણી જેવા મહત્ત્વપૂર્ણ વિષયોના સંદર્ભમાં સમગ્ર દૃષ્ટિ જ અપનાવવામાં આવે તેના પર ભાર આપવામાં આવ્યો છે. હાંશિયા પર ધકેલી દેવામાં આવેલ સમૂહોની દૃષ્ટિથી સમાજ વિજ્ઞાનના અધ્યયનનો પ્રસ્તાવ કરવાની સાથે સાથે દૃષ્ટિકોણમાં પૂર્ણ ફેરફાર કરવાની ભલામણ કરવામાં આવી છે. સમાજ વિજ્ઞાનનાં બધાં ક્ષેત્રોમાં લિંગનાં સંદર્ભમાં ન્યાય અને આદિવાસી અને દલિત મુદ્દાઓને લઇને જાગરૂકતા તથા અલ્પસંખ્યક સંવેદનશીલતા પ્રતિ સજાગતા હોવી જોઇએ. સમાજશાસ્ત્રની જગ્યાએ રાજનીતિ વિજ્ઞાન લઇ આવવું જોઇએ અને બાળકોની અતીતની અવધારણા તથા તેમની નાગરિક ઓળખાણને આકાર આપવામાં ઇતિહાસના પ્રભાવનાં મહત્ત્વને માન્યતા આપવામાં આવવી જોઇએ.

આ પાઠ્યચર્યા દસ્તાવેજ અન્ય ચાર ક્ષેત્રો તરફ ધ્યાન દોરે છે જે આ પ્રકારના છેઃ કાર્ય, કલા અને પારંપારિક હસ્ત કારીગરી, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ, અને શાંતિ. કાર્યના સંદર્ભમાં અમુક મૂલગામી પગલાં સૂઝવવામાં આવ્યાં છે જે શિક્ષણના આરંભિક સ્તરથી ઉપલા સ્તર સુધી 'કાર્ય'ને જોડે છે. આની પાછળ સમજ એ છે કે કાર્ય

એ જ્ઞાનને સક્રિય અનુભવોમાં બદલી નાખે છે અને આત્મનિર્ભરતા, રચનાત્મકતા અને સહકારિતાનાં મૂલ્ય જેવા સાર્થક વ્યક્તિગત અને સામાજિક મૂલ્ય પેદા કરે છે. જ્ઞાન અને રચનાત્મકતાના નવાં રૂપોને પણ કાર્ય પ્રેરણા આપે છે. શાળાના ઉપરી સ્તર પર કાર્ય માટે શાળા બહારના સંસાધનોને ઔપચારિક માન્યતા આપવાની ભલામણ કરવામાં આવી છે જેથી આજીવિકાથી સીધા જોડાયેલા શિક્ષણને પસંદ કરતા બાળકોને લાભ પહોંચી શકે. શાળાની બહારની આ પ્રકારની એજન્સીઓને ઔપચારિક માન્યતાની જરૂર છે, જેથી તેઓ બાળકોને કાર્ય કરવા માટેનાં સ્થળ આપી શકે જ્યાં બાળકો ઓજાર અને બીજાં સાધનોથી કાર્ય કરી શકે. હસ્ત કારીગરોના માનચિત્રીકરણની ભલામણ કરવામાં આવી છે કે જ્યાં બાળકોને સ્થાનિક કારીગરોની સહાયતાથી હસ્ત કલાકારીમાં પ્રશિક્ષણ આપી શકાય તેવા સ્થળોની ઓળખાણ કરી શકાય.

દરેક સ્તર પર વિષયના રૂપમાં કલાને સ્થાન આપવાની ભલામણ કરવામાં આવી છે જેમાં ગાયન, નૃત્ય, દૃશ્ય કલાઓ અને નાટક વગેરે કલાઓ સામેલ છે. પ્રશિક્ષણની જગ્યાએ પરસ્પર-ક્રિયાત્મક પદ્ધતિઓ ઉપર જોર હોવું જોઇએ કારણ કે કલા શિક્ષણનો ઉદ્દેશ્ય સૌંદર્યાત્મક અને વૈયક્તિક ચેતનાને પ્રોત્સાહિત કરવાનો છે, અને વિવિધ રૂપોમાં પોતાને વ્યક્ત કરવાની ક્ષમતાને વધારવાનો છે. ભારતની પારંપારિક કલાકારીને તેના આર્થિક અને સૌંદર્યાત્મક મૂલ્યોના આધાર પર શાળાના શિક્ષણ માટે પ્રાસંગિક માનવી જોઇએ.

શાળામાં બાળકની સફળતા, તેના પોષણ અને સુનિયોજીત શારીરિક ગતિવિધિના કાર્યક્રમો પર નિર્ભર હોય છે. મધ્યાહ્ન ભોજન કાર્યક્રમને સુદૃઢ કરવા માટે જરૂરી સંસાધનોની વ્યવસ્થા અને શાળામાં સમય આપવો જરૂરી બને છે. આને માટે વિશેષ પ્રયાસની આવશ્યકતા છે. સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણના કાર્યક્રમોમાં વિદ્યાલયપૂર્વ અવસ્થાથી લઇને આગળ સુધી છોકરાઓની જેમ જ છોકરીઓ તરફ પણ તેટલું જ ધ્યાન આપવામાં આવવું જોઇએ.

આખી દુનિયામાં વધતી અસહિષ્ણુતા તથા મતભેદોના સમાધાનની રીતના રૂપમાં હિંસા તરફ વધતા ઢોળાવને જોતાં, રાષ્ટ્રીય નિર્માણની પૂર્વ શરત અને સામાજીક સંસ્કારના એક રૂપમાં ‘શાંતિ’નો સમગ્ર મૂલ્ય સંરચનામાં સ્વીકાર કરવામાં આવે એવી ભલામણ કરવામાં આવી છે. એક લોકતાંત્રિક અને ન્યાયપૂર્ણ સંસ્કૃતિમાં બાળકોના સામાજીકરણ માટે શાંતિ-શિક્ષણની સંભાવનાઓને વિભિન્ન ગતિવિધિઓ દ્વારા દરેક સ્તર પર તથા પ્રત્યેક વિષયમાં વિષયોની વિવેકપૂર્ણ પસંદગીથી સાકાર કરી શકાય. શાંતિ શિક્ષણને શિક્ષક-પ્રશિક્ષણ પાઠ્યચર્યામાં સામેલ કરવાની ભલામણ કરવામાં આવી છે.

શાળાની પ્રકૃતિને પાઠ્યચર્યાના એક પાસાંની જેમ જોવામાં આવી છે કેમ કે તે બાળકોને શિક્ષણના ઉદ્દેશ્યો તથા શીખવાની તે યુક્તિઓ માટે તૈયાર કરે છે જે શાળામાં સફળતા માટે જરૂરી છે. એક સંસાધનના રૂપમાં શાળાના સમયને લચીલું બનાવવાની જરૂર છે. સ્થાનીય સ્તર પર નિયોજીત લચીલાં શાળા સમયપત્રકની ભલામણ કરવામાં આવી છે જેથી પ્રૉજેક્ટ તેમ જ પ્રાકૃતિક અને પારંપારિક અને ધરિહર સ્થળો માટે ભ્રમણ જેવી જાત જાતની ગતિવિધિઓ માટે જુદો જુદો સમય નિર્ધારિત કરવાનો અવકાશ મળી શકે. બાળકોને શીખવવાતી સામગ્રી ખાસ કરીને સ્થાનિક ભાષામાં ચોપડીઓ અને સંદર્ભ સામગ્રી ઘણા મોટા પ્રમાણમાં તૈયાર થાય અને શાળા અને શિક્ષક માટે સંદર્ભ પુસ્તકાલય અને પ્રસારની એકતરફી ટેક્નોલોજીને બદલે પરસ્પર ક્રિયાત્મક ટેક્નોલોજી વગેરે મળે એ વાતની કોશિશ કરવી પડશે. બાળકોને બંધ ખાંચામાં નાંખી દેવાની આપણા મસ્તિષ્કમાં ઘર કરી બેઠેલી પ્રવૃત્તિ કે જેથી બાળકો ખાસ કરીને ગ્રામીણ પ્રદેશના બાળકો માટે અવસર સીમિત થઇ જાય છે તેમના માટે માધ્યમિક સ્તર પર વિકલ્પોની વિપુલતા અને ખુલ્લાપણાના મહત્ત્વ ઉપર આ દસ્તાવેજ જોર આપે છે.

સંરચનાત્મક સુધારાઓના સંદર્ભમાં આ દસ્તાવેજ પંચાયતી રાજ વ્યવસ્થાને સુદૃઢ કરવા ઉપર જોર આપે છે. ગુણવત્તા અને ઉત્તરદાયિત્વ વધારવાની રીતના રૂપમાં સામુદાયિક ભાગીદારીને પ્રોત્સાહિત કરવા માટે એક વધારે સુનિયોજીત અભિગમ અપનાવીને આ થઇ શકે છે. આસપાસનાં વાતાવરણને લગતા વિવિધ શાલેય પ્રોજેક્ટની મદદથી જ્ઞાન રૂપી પાયાનું સર્જન થઈ શકે કે જેના વડે પંચાયતી રાજની સંસ્થાઓ સારી રીતે વ્યવસ્થાપન કરી શકે અને સ્થાનિક વાતાવરણનાં સ્રોતો ઊભાં કરી શકે. શાળાના સ્તર ઉપર સૈધ્ધાંતિક નિયોજન અને નેતૃત્ત્વ જરૂરી છે જેથી ગુણવત્તાનું સ્તર ઊંચું કરી શકાય અને બ્લોક અને ક્લસ્ટરનાં સ્તરો પર ભૂમિકાનું યુક્તિબધ્ધ વિભાજન જરૂરી છે. ચટ્ટોપાધ્યાય કમીશન (૧૯૮૪) દ્વારા સૂચવવામાં આવેલ વ્યવસાયિક માનકોમાં ઢીલ આપવાની હાલની પ્રવૃત્તિને રોકવા માટે શિક્ષક-પ્રશિક્ષણમાં મૂળગામી પરિવર્તનની જરૂર છે. સેવાપૂર્વ પ્રશિક્ષણ કાર્યક્રમો વધારે વિસ્તારપૂર્ણ તથા સમગ્રતા સહિતનાં હોવા જરૂરી છે, જેથી બાળકોનું ધ્યાનપૂર્વક અવલોકન કરવા માટે પર્યાપ્ત અવસર અને શાળાઓમાં પ્રાયોગિક અનુભવ (ઈન્ટર્નશીપ) દ્વારા શૈક્ષણિક સિદ્ધાંતોને વ્યવહાર સાથે જોડવાનો પૂરેપૂરો મોકો મળી શકે.

પરીક્ષાઓમાં સુધારણા એ પાઠ્યચર્યા સુધાર માટે સૌથી જરૂરી સંરચનાત્મક પગલું છે; કે જેથી ખાસ કરીને દસમી અને બારમી કક્ષામાં ભણતાં બાળકો અને તેમના વાલીઓ ઉપર વધી રહેલાં માનસિક દબાણની ઘેરાતી સમસ્યાઓનું સમાધાન થઇ શકે. આ માટે વિશેષ પગલાં લેવાની જરૂર છે જેમ કે પ્રશ્નપત્રનું પૂર્ણપણે સ્વરૂપ પરિવર્તન, જેનાથી ગોખણપટ્ટીની ક્ષમતા નહીં પણ તર્કશક્તિ અને રચનાત્મક ક્ષમતાઓને આકલનનો

આધાર બનાવી શકાય. પારદર્શિકતા અને આંતરિક મૂલ્યાંકનને મહત્ત્વ આપી, પરીક્ષાને કક્ષાની ગતિવિધિઓ સાથે જોડવાની જરૂર છે. આજે પ્રચલિત ઉતિર્ણતા અને અનુતિર્ણતાની શ્રેણીઓ દૂર કરવામાં આવે અને એવા ઉપાયો શોધવામાં આવે જે બાળકોને વિવિધ સ્તરની ઉપલબ્ધિઓના વિકલ્પ લેવામાં પ્રેરિત કરી શકે. શાળાન્ત પૂર્વ પરીક્ષાઓ ઉપર અતિરિક્ત જોરને પણ ઓછો કરવાની જરૂર છે.

છેવટે આ દસ્તાવેજ ગેર-સરકારી સંગઠનો અને શિક્ષક સંગઠનો સહિત શાળા વ્યવસ્થા અને બીજા નાગરિક સમૂહો વચ્ચે સહભાગિતાની ભલામણ કરે છે. આ પહેલાં થયેલા નવા અનુભવોને પણ મુખ્ય ધારામાં લઇ આવવાની જરૂર છે. આરંભિક શિક્ષણના સર્વવ્યાપીકરણમાં નિહિત પડકારો પ્રતિ સજાગતા રાખવાની અને રાજ્ય અને બાળકોને લઇને કામ કરી રહેલી બધી સંસ્થાઓ વચ્ચે એક વ્યાપક સહભાગિતા ઊભી કરવાની ખાસ આવશ્યકતા છે.

# <u>રાષ્ટ્રીય સ્ટીયરીંગ સમિતિના સભ્યોની સૂચિ</u>

૧. પ્રોફેસર યશપાલ (સભાપતિ)
પૂર્વ સભાપતિ,
યુનિવર્સિટિ ગ્રાન્ટ કમિશન, ૧૧-બ, સુપર ડિલક્સ ફ્લેટ્સ,
સેકટર - ૧૫ અ,
નોઈડા, ઊત્તર પ્રદેશ.

૨. આચાર્ય રામામૂર્તિ,
સભાપતિ, શ્રમ ભારતી, ખડીગ્રામ,
પો. ઓ. : ખડીગ્રામ, જિલ્લો જામુઈ, બિહાર - ૮૧૧૩૧૩.

૩. ડૉ. શૈલેશ અ. શિરાલી,
આચાર્ય, અંબરવેલી રેસિડેન્શીયલ શાળા,
કે. એમ. રોડ, મુગ્થીહલ્લી, ચિકમગલૂર, કર્ણાટક - ૫૭૭૧૦૧.

૪. શ્રી રોહિત દાનક
સંચાલક, દિગન્તર,
તોડી રામઝાનીપૂરા,
ખોનાગોરીયન રોડ,
પો. બો. : જગતપૂરા,
જયપૂર : ૩૦૩૦૨૫, રાજસ્થાન

૫. શ્રી પોરોમેશ આચાર્ય
(પૂર્વ સભ્ય, શિક્ષણ સમિતિ, પશ્ચિમ બંગાળ)
એલ/૫૯, કુશિથા રોડ,
ગવર્મેન્ટ હાઉઝીંગ એસ્ટેટ,
અવન્તિકા આવાસમ્,
કોલકત્તા - ૭૦૦૦૩૯, પશ્ચિમ બંગાળ

૬. મીના સ્વામીનાથન,
માનદ સંચાલક, ઉત્તરા દેવી કેન્દ્ર ફોર જેન્ડર એન્ડ ડેવેલોપમેન્ટ,
એમ. એસ. સ્વામીનાથન રીસર્ચ ફાઉન્ડેશન, ત્રીજો ક્રોસ રોડ, તારામની ઈન્સ્ટીટ્યૂશનલ એરિયા, ચેન્નાઈ : ૬૦૦૧૧૩, તામિલનાડુ

૭. ડૉ. પદ્મા એમ. સારંગપાણી, એસોશીયેટ ફેલો, નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ફોર એડવાન્સ્ડ સ્ટડીઝ, ઈન્ડીયન ઈન્સ્ટીટયૂટ ઑફ સાયન્સ કૅમ્પસ્, બેંગલોર : ૫૬૦૦૧૨, કર્ણાટક

૮. પ્રો. આર. રામાનુજમ,
ઈન્સ્ટીટયૂટ ઑફ મેથમેટિકલ સાયન્સ, ૪થો ક્રોસ, સી. આઇ. ટી. કૅમ્પસ્, તારામની, ચેન્નઈ : ૬૦૦૧૧૩, તામિલનાડુ

૯. પ્રો. અનિલ સદાગોપાલ,
(શિક્ષણ વિભાગ, દિલ્હી યુનિવર્સિટી),
ઈ-૮/૨૯ એ, સહકાર નગર,
ભોપાલ : ૪૬૨૦૩૦, મધ્ય પ્રદેશ

૧૦. પ્રો. જી. રવિન્દ્ર,
આચાર્ય, રીજીનલ ઈન્સ્ટીટયૂટ ઑફ એજ્યુકેશન (NCERT),
માનસ ગંગોત્રી,
મૈસૂર : ૫૭૦૦૦૬, કર્ણાટક
૧૧. પ્રો. દમયંતિ મોદી,
પૂર્વ અધ્યક્ષ, શિક્ષણ વિભઅગ, ભાવનગર યુનિવર્સિટી, ૨૨૦૯, એ/૨, આનંદધારા,
વડોદરિયા પાર્કની પાસે, હિલ ડ્રાઇવ, ભાવનગરઃ ૩૬૪૦૦૨, ગુજરાત
૧૨. સુનિલા મસીહ,
શિક્ષીકા, મિત્રા જી. એચ. એસ સ્કુલ, સોહાગપૂર પો. ઓ., હોશંગાબાદ જિલ્લો : ૪૬૧૭૭૧,
મધ્ય પ્રદેશ
૧૩. હર્ષ કુમારી,
હેડમિસ્ટ્રેસ, સી. આઇ. ઈ. એક્સપેરિમેન્ટલ બેસિક સ્કુલ, શિક્ષણ વિભાગ, દિલ્હી યુનિવર્સિટી,
દિલ્હી : ૧૧૦૦૦૭
૧૪. શ્રી ત્રિલોચનદાસ ગર્ગ,
આચાર્ય, કેન્દ્રીય વિદ્યાલય નં. ૧, ભાટિંડા : ૧૫૧૦૦૧, પંજાબ
૧૫. પ્રો. અરવિંદ કુમાર,
સેન્ટર ડિરેક્ટર, હોમી ભાભા સેન્ટર ફોર સાયન્સ એજ્યુકેશન, વી. એન. પુરાઓ માર્ગ,
માનખૂર્દ, મુંબઇ : ૪૦૦૦૮૮, મહારાષ્ટ્ર
૧૬. પ્રો. ગોપાલ ગુરુ,
સેન્ટર ફોર પોલિટીકલ સ્ટ્ડીઝ,
સ્કુલ ઓફ સાશિયલ સાયન્સ,
જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી,
નવી દિલ્હી : ૧૧૦૦૬૭
૧૭. ડૉ. રામાચન્દ્ર ગુહા,
૨૨ એ, બ્રુન્ટન રોડ,
બેંગ્લોર : ૫૬૦૦૨૫, કર્ણાટક
૧૮. ડૉ. બી. એ. દાબ્લા
પ્રો. અને અધ્યક્ષ, ડિપાર્ટમેન્ટ ઓફ સોશિયોલોજી અને સોશિયલ વર્ક,
યુનિવર્સિટી ઓફ કાશ્મીર,
શ્રીનગર : ૧૯૦૦૦૬
જમ્મુ અને કાશ્મીર
૧૯. શ્રી અશોક વાજપેયી,
પૂર્વ વાઇસ ચાન્સેલર, મહાત્મા ગાંધી વિશ્વ હિંદી મહાવિદ્યાલય,
સી-૬૦, અનુપમ અપાર્ટમેન્ટસ્,
બી-૧૩, વસુંધરા એનક્લેવ,
દિલ્હી : ૧૧૦૦૯૬
૨૦. પ્રો. વાલ્સન થમ્પુ,
સેન્ટ સ્ટીફનસ્ હોસ્પીટલ,
જી-૩, એડમિનીસ્ટ્રેશન બ્લોક,

તીસ હજારી, દિલ્હી:૧૧૦૦૫૪

૨૧. પ્રો. શાન્તા સિન્હા
સંચાલક, એમ. વેંકટરંગૈયા ફાઉન્ડેશન,
૨૦૧, નારાયણ એપાર્ટમેન્ટસ,
વેસ્ટ મારેડપાલી,
સિકન્દરાબાદ:૫૦૦૦૨૬,
આન્ધ્ર પ્રદેશ

૨૨. ડૉ. વિજય મુલાય,
(ફાઉન્ડર આચાર્ય, સી.ઈ.ટી, એન.સી.ઈ.આર.ટી),
પ્રેસિડન્ટ, ઈન્ડિયન ડૉક્યુમેન્ટરી પ્રોડ્યુસરસ્ અસોશિયેશન, બી-૪૨, ફ્રેન્ડસ્ કોલોની
(પશ્ચિમ),
નવી દિલ્હી : ૧૧૦૦૬૫

૨૩. પ્રો. મૃણાલ મિરિ,
વાઇસ ચાન્સેલર,
નોર્થ ઇસ્ટર્ન હિલ યુનિવર્સિટી,
પો. ઓ. નેહુ કેમ્પસ્,
માવક્યનરોહ ઉમશિંગ,
શીલોંગ : ૭૯૩૦૨૨, મેઘાલય

૨૪. પ્રો તલત અઝીઝ,
આઇ.એ.એસ.એ., ફેકલ્ટી ઓફ એજ્યુકેશન, જામિયા મિલીયા ઇસ્લામિયા, જામિયા નગર,
નવી દિલ્હી:૧૧૦૦૨૫

૨૫. પ્રો સવિતા સિન્હા,
અધ્યક્ષ, ડી.ઈ.એસ.એસ.એચ., એન.સી.ઈ.આર.ટી., શ્રી અરવિંદ માર્ગ,
નવી દિલ્હી:૧૧૦૦૧૬

૨૬. પ્રો. કે. કે વશિષ્ઠ,
અધ્યક્ષ, ડી.ઈ.ઈ.,
એન.સી.ઈ.આર.ટી.,
શ્રી અરવિંદ માર્ગ,
નવી દિલ્હી:૧૧૦૦૧૬

૨૭. ડૉ. સંધ્યા પરાંજપે,
રીડર, ડી.ઈ.ઈ.,
એન.સી.ઈ.આર.ટી., શ્રી અરવિંદ માર્ગ,
નવી દિલ્હી:૧૧૦૦૧૬

૨૮. પ્રો. સી. એસ. નાગરાજુ,
અધ્યક્ષ, ડી.ઈ.આર.પી., એન.સી.ઈ.આર.ટી., શ્રી અરવિંદ માર્ગ,
નવી દિલ્હી:૧૧૦૦૧૬

૨૯. ડૉ. જ્યોત્સના તિવારી,
અધ્યાપિકા, ડી.ઈ.એસ.એસ.એચ., એન.સી.ઈ.આર.ટી., શ્રી અરવિંદ માર્ગ,
નવી દિલ્હી:૧૧૦૦૧૬

૩૦. પ્રો. એમ. ચન્દ્રા,
અધ્યક્ષ, ડી.ઈ.એસ.એમ., એન.સી.ઈ.આર.ટી., શ્રી અરવિંદ માર્ગ,
નવી દિલ્હીઃ૧૧૦૦૧૬

૩૧. ડૉ. અનિતા જુલ્કા,
રીડર, ડી.ઈ.જી.એસ.એન.,
એન.સી.ઈ.આર.ટી., શ્રી અરવિંદ માર્ગ,
નવી દિલ્હીઃ૧૧૦૦૧૬

૩૨. પ્રો. કૃષ્ણ કુમાર,
સંચાલક, એન.સી.ઈ.આર.ટી.,
શ્રી અરવિંદ માર્ગ,
નવી દિલ્હીઃ૧૧૦૦૧૬

૩૩. શ્રીમતિ અનિતા કૌલ, આઇ.એ.એસ., સેક્રેટરી, એન.સી.ઇ.આર.ટી.,
શ્રી અરવિંદ માર્ગ,
નવી દિલ્હીઃ૧૧૦૦૧૬

૩૪. શ્રી અસોક ગાંગુલી,
ચેરમેન, સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકેન્ડરી એજ્યુકેશન (સી.બી.એસ.ઇ.),
શીક્ષા કેન્દ્ર, ૨, કમ્યુનિટિ સેન્ટર, પ્રીત વિહાર, દિલ્હીઃ૧૧૦૦૯૨

૩૫. પ્રો. એમ.એ. કાદિર (મેમ્બર સેક્રેટરી),
અધ્યક્ષ, અભ્યાસક્રમ વિભાગ, એન.સી.ઇ.આર.ટી.,
શ્રી અરવિંદ માર્ગ,
નવી દિલ્હીઃ૧૧૦૦૧૬

**અભ્યાસક્રમ વિભાગનાં સભ્યોઃ**

ડૉ. રંજના અરોરા
ડૉ. અમરેન્દ્ર બહેરા
શ્રી. આર. મેદનાથન

# વિષયસૂચિ


| | | |
|---|---|---|
| પ્રસ્તાવના | | i |
| ઋણ સ્વીકાર | | vi |
| સાર સંક્ષેપ | | ix |
| રાષ્ટ્રીય સ્ટીયરીંગ સમિતિના સભ્યોની સૂચિ | | xvi |
| અધ્યાય ૧ | પરિપેક્ષ્ય | ૧ |
| | ૧.૧ પરિચય | ૧ |
| | ૧.૨ પશ્ચાવલોકન | ૪ |
| | ૧.૩ રાષ્ટ્રીય પાઠ્યચર્યા રૂપરેખા | ૬ |
| | ૧.૪ માર્ગદર્શક સિધ્ધાંતો | ૭ |
| | ૧.૫ ગુણવત્તાનાં આયામ | ૧૨ |
| | ૧.૬ શિક્ષણનો સામાજિક સંદર્ભ | ૧૪ |
| | ૧.૭ શિક્ષણનાં ઉદ્દેશ્યો | ૧૬ |
| અધ્યાય ૨ | શિક્ષણ અને જ્ઞાન | ૧૯ |
| | ૨.૧ સક્રિય વિદ્યાર્થીની પ્રાથમિકતા | ૧૯ |
| | ૨.૨ આસપાસનાં વાતાવરણનાં સંદર્ભમાં વિદ્યાર્થી | ૨૦ |
| | ૨.૩ વિકાસ અને ભણતર | ૨૨ |
| | ૨.૪. પાઠ્યવ્યવહાર તથા અભ્યાસનાં સૂચિતાર્થો | ૨૭ |
| | ૨.૪.૧ જ્ઞાન નિર્માણ માટે અધ્યાપન | ૨૭ |
| | ૨.૪.૨ પરસ્પર સંવાદની મહત્તા | ૩૦ |
| | ૨.૪.૩ શૈક્ષણિક અનૂભવોની રૂપરેખા | ૩૩ |
| | ૨.૪.૪ આલોચનાત્મક શિક્ષણશાસ્ત્ર | ૩૪ |
| | ૨.૪.૫ વિવેચનાત્મક શિક્ષણશાસ્ત્ર | ૩૭ |
| | ૨.૫ જ્ઞાન અને બોધ | ૪૧ |
| | ૨.૫.૧ બુનિયાદી ક્ષમતાઓ | ૪૩ |
| | ૨.૫.૨ વ્યવહારિક જ્ઞાન | ૪૫ |
| | ૨.૫.૩ બોધનાં રૂપો | ૪૬ |
| | ૨.૬ જ્ઞાનની પુનર્રચના | ૪૯ |
| | ૨.૭ બાળકોનું જ્ઞાન અને સ્થાનીય જ્ઞાન | ૫૦ |
| | ૨.૮ શાળાનું જ્ઞાન અને સમુદાય | ૫૫ |
| | ૨.૯ કેટલાક વિકાસ સંબંધિત મુદ્દા | ૫૬ |

| | | | |
|---|---|---|---|
| અધ્યાય ૩ | પાઠ્યક્રમ વિભાજન, શિક્ષણ સ્તર અને મૂલ્યાંકન | | ૫૯ |
| | ૩.૧ | ભાષા | ૫૯ |
| | | ૩.૧.૧ ભાષાનું શિક્ષણ | ૬૧ |
| | | ૩.૧.૨ પ્રથમભાષા(ઓ) કે માતૃભાષામાં શિક્ષણ | ૬૩ |
| | | ૩.૧.૩ દ્વિતીયભાષા ગ્રહણ | ૬૫ |
| | | ૩.૧.૪ વાંચતાં અને લખતાં શિખવું | ૬૭ |
| | ૩.૨ | ગણિત | ૭૦ |
| | | ૩.૨.૧ શાળાનાં ગણિતનું દર્શન | ૭૨ |
| | | ૩.૨.૨ પાઠ્યચર્ચા | ૭૫ |
| | | ૩.૨.૩ સંગણક શાસ્ત્ર | ૭૬ |
| | ૩.૩ | વિજ્ઞાન | ૭૭ |
| | | ૩.૩.૧ વિભિન્ન અવસ્થાઓમાં પાઠ્યચર્ચા | ૮૧ |
| | | ૩.૩.૨ દૃષ્ટિકોણ | ૮૩ |
| | ૩.૪ | સામાજીક વિજ્ઞાન | ૮૪ |
| | | ૩.૪.૧ પ્રસ્તાવિત જ્ઞાનની શાસ્ત્રીય રૂપરેખા | ૮૬ |
| | | ૩.૪.૨ અભ્યાસક્રમનું આયોજન | ૮૮ |
| | | ૩.૪.૩ શિક્ષણશાસ્ત્ર અને સંસાધનોનો ઉપાગમ | ૯૧ |
| | ૩.૫ | કલા શિક્ષણ | ૯૧ |
| | ૩.૬ | સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ | ૯૫ |
| | | ૩.૬.૧ યોજના | ૯૭ |
| | ૩.૭ | કાર્ય અને શિક્ષણ | ૯૮ |
| | ૩.૮ | શાંતિ માટે શિક્ષણ | ૧૦૩ |
| | | ૩.૮.૧ રણનીતિઓ | ૧૦૫ |
| | ૩.૯ | રહેણાંક અને શિક્ષણ | ૧૦૭ |
| | ૩.૧૦ | અધ્યયન અને આકલનની યોજના | ૧૦૯ |
| | | ૩.૧૦.૧ શાળાપૂર્વ બાળકોનું શિક્ષણ | ૧૧૦ |
| | | ૩.૧૦.૨ પ્રાથમિક શાળા | ૧૧૨ |
| | | ૩.૧૦.૩ માધ્યમિક શિક્ષણ | ૧૧૪ |
| | | ૩.૧૦.૪ ઉચ્ચ માધ્યમિક શાળા | ૧૧૫ |
| | | ૩.૧૦.૫ ખુલ્લી શાળા અને સેતુ શાળા | ૧૧૮ |
| | ૩.૧૧ | પરિક્ષણ અને મૂલ્યાંકન | ૧૧૮ |
| | | ૩.૧૧.૧ આકલનનો ઉદ્દેશ્ય | ૧૧૯ |
| | | ૩.૧૧.૨ છાત્રોનું આકલન | ૧૨૧ |

| | | | |
|---|---|---|---|
| | | ૩.૧૧.૩ શિક્ષણનાં ક્રમમાં આકલન | ૧૨૧ |
| | | ૩.૧૧.૪ આકલન ન કરી શકાનારા વિષયો | ૧૨૧ |
| | | ૩.૧૧.૫ આકલનની પ્રકૃતિ અને વિધિ | ૧૨૦ |
| | | ૩.૧૧.૬ સ્વ-આકલન અને પ્રતિક્રિયા | ૧૨૨ |
| | | ૩.૧૧.૭ નવેસરથી વિચારવા યોગ્ય વિષયો | ૧૨૪ |
| | | ૩.૧૧.૮ અલગ અલગ સ્તરો ઉપર આકલન | ૧૨૪ |
| અધ્યાય ૪ | શાળા અને વર્ગનું વાતાવરણ | | ૧૨૬ |
| | ૪.૧ | ભૌતિક વાતાવરણ | ૧૨૭ |
| | ૪.૨ | સમર્થ વાતાવરણનો વિકાસ | ૧૩૨ |
| | ૪.૩ | પ્રત્યેક વિદ્યાર્થીનો પ્રત્યેક કાર્યમાં સહભાગ | ૧૩૮ |
| | | ૪.૩.૧ બાળકોનાં અધિકારો કે હક્કો | ૧૪૦ |
| | | ૪.૩.૨ શિખવા યોગ્ય વાતાવરણ | ૧૪૨ |
| | ૪.૪ | વિદ્યાલયમાં શિસ્ત (અનુશાસન) | ૧૪૫ |
| | ૪.૫ | વાલીઓ અને લોકસમુદાયનું શિક્ષણમાં સ્થાન | ૧૪૭ |
| | ૪.૬ | અભ્યાસક્રમનું સ્થાન અને શિક્ષણનાં સંસાધનો | ૧૫૦ |
| | | ૪.૬.૧ પાઠ્યસામગ્રી અને પાઠ્યપુસ્તકો | ૧૫૦ |
| | | ૪.૬.૨ પુસ્તકાલય | ૧૫૨ |
| | | ૪.૬.૩ શિક્ષણની પધ્ધતિઓ (ટેકનીક) | ૧૫૪ |
| | | ૪.૬.૪ સાધનો અને પ્રયોગશાળાઓ | ૧૫૬ |
| | | ૪.૬.૫ અન્ય પ્રકારનાં સ્થળ અને સ્થાન | ૧૫૭ |
| | | ૪.૬.૬ વિપુલતા, વૈકલ્પિક સામગ્રીઓની આવશ્યકતા | ૧૫૭ |
| | | ૪.૬.૭ સંસાધનો પૂરાં પાડવાં - વ્યવસ્થા | ૧૫૮ |
| | ૪.૭ | સમય | ૧૬૦ |
| | ૪.૮ | શિક્ષકોની સ્વાયત્તતા અને વ્યવસાયિક સ્વતંત્રતા | ૧૬૪ |
| | | ૪.૮.૧ ચિંતન અને યોજના નિર્માણ માટે સમય | ૧૬૫ |
| અધ્યાય ૫ | વ્યવસ્થાગત સુધારણા | | ૧૬૯ |
| | ૫.૧ | ગુણવત્તાની ચિંતા | ૧૬૯ |
| | | ૫.૧.૧ શૈક્ષણિક યોજના અને ગુણવત્તા-નિરીક્ષણ | ૧૭૩ |
| | | ૫.૧.૨ શાળામાં નિરીક્ષણ માટે શૈક્ષણિક નેતૃત્ત્વ | ૧૭૪ |
| | | ૫.૧.૩ પંચાયત અને શિક્ષણ | ૧૭૫ |
| | ૫.૨ | અભ્યાસક્રમનાં પુનઃનવીકરણ માટે શિક્ષક-શિક્ષણ | ૧૭૭ |
| | | ૫.૨.૧ વર્તમાન શિક્ષક પ્રશિક્ષણ યોજના | ૧૭૮ |

| | | | |
|---|---|---|---|
| | | ૫.૨.૨ શિક્ષક-પ્રશિક્ષણનો આદર્શ | ૧૭૯ |
| | | ૫.૨.૩ શિક્ષક-પ્રશિક્ષણ યોજનામાં મોટા ફેરફારો | ૧૮૧ |
| | | ૫.૨.૪ શિક્ષકનું શિક્ષણ અને પ્રશિક્ષણ | ૧૭૯ |
| | | ૫.૨.૫ સેવારત શિક્ષક-શિક્ષણનાં પ્રયાસ અને નીતિઓ | ૧૮૦ |
| | ૫.૩ | પરીક્ષાપધ્ધતિમાં સુધારણા | ૧૮૩ |
| | | ૫.૩.૧ પ્રશ્નપત્રનું નિર્ધારણ, પરીક્ષા અને રિપોર્ટ | ૧૮૪ |
| | | ૫.૩.૨ પ્રવેશ પરીક્ષા અને અન્ય સ્તરો પર પરીક્ષાઓ | ૧૮૫ |
| | | ૫.૩.૩ બીજા સ્તરોએ બોર્ડની પરીક્ષા | ૧૮૬ |
| | | ૫.૩.૪ પ્રાવેશિક પરીક્ષાઓ | ૧૮૬ |
| | ૫.૪ | કાર્યકેન્દ્રી શિક્ષણ | ૧૮૭ |
| | | ૫.૪.૧ વ્યાવસાયિક શિક્ષણ અને તાલીમ | ૧૮૮ |
| | ૫.૫ | વિચાર અને વ્યવહારમાં નવીનતા | ૧૯૧ |
| | | ૫.૫.૧ પાઠ્યપુસ્તકોની બહુલતા | ૧૯૧ |
| | | ૫.૫.૨ નવીનતાને પ્રોત્સાહન | ૧૯૩ |
| | | ૫.૫.૩ ટેકનોલોજીનો ઉપયોગ | ૧૯૪ |
| | ૫.૬ | નવી ભાગીદારી | ૧૯૫ |
| | | ૫.૬.૧ બિન સરકારી સંગઠન, નાગરિક સમાજસમૂહ અને શિક્ષણ સંગઠનોની ભૂમિકા | ૧૯૫ |
| ઉપસંહાર | | | ૧૯૯ |
| પરિશિષ્ટ ૧ | | પ્રત્યેક અધ્યાયનો સારાંશ | ૨૦૨ |
| પરિશિષ્ટ ૨ | | પત્રો | ૨૦૯ |

# ભારતીય બંધારણ

## આમુખ

અમે ભારતનાં લોકો ભારતને સાર્વભૌમ, સમાનવાદી, ધર્મનિરપેક્ષ અને લોકશાહી પ્રજાસત્તાક બનાવવા માટે ગંભીરતાપૂર્વક પ્રતિજ્ઞા કરીએ છીએ, અને તે હક્કો ભારતના પ્રત્યેક નાગરિકને મળો (તેવો નિર્ણય કરીએ છીએ).

ન્યાયઃ સામાજિક, આર્થિક, રાજકીય

સ્વતંત્રતાઃ વિચાર અને વાણીનો હક્ક, તેને વ્યક્ત કરવાનો હક્ક, માન્યતા, વિશ્વાસ, ધર્મનો અધિકાર અને તે પાળવાની સ્વતંત્રતા.

સમાનતાઃ સમાન દરજ્જો અને સમાન તક, અને એ બધાંમાં ભાતૃભાવના કે બંધુત્ત્વનો આદર્શ સિધ્ધ કરીશું, જેમાં વ્યક્તિગત ગૌરવની ખાત્રી અને રાષ્ટ્રની એકતા અને અખંડતા - આ સૌને પુરસ્કૃત કરવા કટિબધ્ધ રહીશું.

આપણી બંધારણ સમિતિમાં ૨૬ નવેમ્બર ૧૯૪૯નાં દિવસે આ બંધારણ ઘડાયું, અપનાવવામાં આવ્યું અને આપણે તેને અર્પણ કર્યુ.

" જ્યારે હું બાળક હતો ત્યારે નકામી વસ્તુઓમાંથી રમકડાં બનાવવા અને પોતાની કલ્પના મુજબ રમતો રમવા માટે હું સ્વતંત્ર હતો. મારી ખુશીમાં મારા મિત્રોનો પૂરો સહકાર રહેતો; ખરેખર તો તેઓ તેમાં સહભાગી થાય તે ઉપર જ મારી રમતોની મજા રહેતી. બાલપણનાં આ સ્વર્ગ સમા દિવસોમાં એક દિવસ પુખ્તતાનાં વ્યવસાયી પ્રલોભનો પ્રવેશ્યાં. અમારા એક સાથીને એક સંપૂર્ણ મોટું અને જીવતું જાગતું લાગે તેવું અંગ્રેજી દુકાનમાંથી ખરીદાયેલું રમકડું મળેલું હતું. તે દિવસથી તે સાથી આ રમકડાં પ્રત્યે અભિમાની બની ગયો અને અમારી રમત પ્રત્યે બેદરકાર; તેણે તે રમકડું અમારાથી દૂર રાખવાનું શરૂ કર્યું, અને હવે તેનાં સાથીઓ કે જેમનાં રમકડાંઓ સસ્તા હતાં તેમનાથી તે પોતાની જાતને ચઢિયાતો સમજવા લાગ્યો. આ રમકડાંને પ્રાપ્ત કરવા બદ્દલ જો તે આજની ઈતિહાસની ભાષાનો વપરાશ કરી શક્યો હોત તો પોતે અમારા કરતાં વધારે સંસ્કૃત છે તેમ તેણે જરૂર કહ્યું હોત. પરંતુ, પોતાના આ ઉશ્કેરાટમાં એક વાત સમજવામાં તે સદંતર અસફળ રહ્યો - એક એવી વાત કે જે તેને ત્યારે એકદમ તુચ્છ લાગતી હતી - કે તેનાં રમકડાં કરતાં પણ વધારે મહત્ત્વની સંપૂર્ણતા એટલે કે પૂર્ણ બાળકત્ત્વની પ્રાપ્તિ કરવામાં આ પ્રલોભન તેને માટે બાધક બની ગયું હતું. તે રમકડું ફક્ત તેની સાહ્યબી બતાવતું હતું, નહીં કે બાળકમાં રહેલી કલ્પનાશક્તિ, બાળરમતોમાં રહેલો આનંદ, કે પોતાના રમત જગતમાં સાથે રહેલા બધાં સાથીઓને ખૂલ્લું આમંત્રણ.

**રવિન્દ્રનાથ ટાગોર રચિત સંસ્કૃતિ અને વિકાસમાંથી સાદર**